**ફોજદારી કેસ નં. ૪૧૨/૨૦૨૩**

આંક :–

| **અધિક ચીફ જ્યુ. મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.સાવરકુંડલા, જિ.અમરેલી.** | |
|---|---|
| શ્રી સરકાર | ફરીયાદી |
| વિરુધ્ધ | |
| **કિશનભાઈ અરજણભાઈ વાઘેલા, રહે. સાવરકુંડલા.** | આરોપી |

**ગુન્હો :– ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫ (ઈ) , ૯૮(૨) મુજબ.**

**–: ઠરાવ :–**

(૧) આજરોજ નામદાર નેશનલ લીગલ સર્વીસ ઓથોરીટીના ઉપક્રમે નેશનલ લોક અદાલત યોજવામાં આવેલ છે. નામદાર જીલ્લા કાનુની સેવા સતા મંડળના પત્ર અન્વયે નામ. જીલ્લા કાનુની સેવા સતા મંડળ, અમરેલીના પત્રથી સીટીંગની અમો મેજીસ્ટ્રેટને સતા આપવામાં આવેલ છે તે મુજબ સદર કેસ આજરોજ રાખેલ છે.

(૨) આરોપી કોર્ટ રૂબરૂ હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો મફત આપ્યાની ખાત્રી કરેલ છે. ત્યારબાદ આરોપી વિરૂધ્ધ ઉપરોકત ગુન્હાના કામે આરોપીની પ્લી રેકર્ડ કરતા આરોપીએ તેઓની સામેનો ગુનો કબુલ કરવા બંધાયેલ નથી. તેમ છતા કબુલાત પુરશીષ આપી જાહેર કરી પોતાને ગુનો કબુલ મંજુર હોય જેથી યોગ્ય હુકમ કરવા જણાવેલ છે. આરોપી તર્ફે કરવામાં આવેલી કબુલાત ખરી, કાયદેસરની ને સ્વેચ્છીક હોવાની ખાતરી થતા તે મંજુર કરવામાં આવે છે.

(૩) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપી સામે ધી ગુજરાત પ્રોહીબીશન એકટની **કલમ–૬૫ (ઈ), ૯૮ (૨)** મુજબના શિક્ષાને પાત્ર ગુના અંગે ઈન્સાફી કાર્યવાહી કરવા માટે સબંધીત પોલીસ સ્ટેશન ધ્વારા ચાર્જશીટ કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ છે.

(૪) આરોપીએ ગુના કબુલાત પુરશીષ આપી એમ જાહેરાત કરેલ છે કે, મારો આ પ્રથમ ગુનો છે અને સામાન્ય અને ગરીબ વર્ગના છીએ, અમારે કોઈ કાયમી ધંધો નથી, અમો છુટક મજુરીનુ કામ કરીએ છીએ, અમો અમારુ તેમજ અમારા કુટુંબનુ ગુજરાન કરી શકીએ તેથી અમારી આર્થીક પરિસ્થિતી સારી ન હોઈ ઉપરાંત રોજગાર પણ ન હોય, તે તમામ હકિકતો ધ્યાને લઈ, આ અમારો પ્રથમ ગુનો હોઈ અમો અમારી ભુલ સુધારવા માંગીએ છીએ અમને માફી આપવા અને રહેમ રાખવા અરજ ગુજારીએ છીએ. આરોપીએ ખરેખર સ્વેચ્છાએ ગુનો કબુલ કરતો હોવાની ખાત્રી કરવામાં આવેલ છે.

(૫) આરોપી વિરૂધ્ધ ગુનાનો આક્ષેપ જોતા તથા આરોપી ધ્વારા કરેલ ગુના કબુલાત ધ્યાને લેતા તેમજ આરોપી આર્થીક તથા સામાજીક રીતે ગરીબ વર્ગના જણાય આવે છે તેમજ ભવિષ્યમાં બીજો કોઈ ગુનો નહી કરવાની ખાત્રી આપે છે. આરોપીએ જાહેર કરેલો પસ્તાવો તથા આરોપીની વર્તણુંક તથા સામાજીક જવાબદારી ધ્યાને લેતા તથા કેસનુ રેકર્ડ વંચાણે લેતા આ કામના આરોપીનો પ્રથમ ગુનો હોવાનુ જણાય આવે છે અને **ગુજરાત રાજ્ય વિ.નટવર હિરચંદજી ઠાકોર ૨૦૦૫ (૧) જી.એલ.આર. ૭૦૯, ચુકાદામાં નામ.વડી અદાલતે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત** ધ્યાને લઈ નકકી કરેલી ઓછામાં ઓછી સજા કરતા ઓછી સજા કરીને ઓછામાં ઓછો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનુ હીત જળવાઈ રહે તેમ હોય ઉપરોકત સંજોગો ધ્યાને લઈ આરોપીને દોષિત ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

(૧) આ કામના આરોપીને **સી. આર. પી. સી.ની કલમ–૨૫૨** મુજબ **ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫ (ઈ), ૯૮(૨)** મુજબના ગુન્હા બદલ તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા **રૂા.૬૦૦/–**
**(અંકે રૂપિયા છસો પુરા)** નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડ ભરવામાં કસુર કરે તો **દિન–૨** ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) અપીલ સમય વિત્યે : પ્રોહીબીટેડ મુદામાલનો નાસ કરવો.

(૩) મુદામાલ વાહન અંગે વચગાળાના તબકકે કરવામાં આવેલ હુકમ અપીલ સમય વિત્યે કાયમ કરવામાં આવે છે, જો વચગાળાના તબકકે કોઈ હુકમ થયેલ ન હોય તો વાહન તેના આર.સી.બુક મુજબના ઓનરની ખરાઈ કરી પરત સોંપી આપવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ સ્પેશ્યલ સીટીંગમાં જાહેર કર્યો.

સાવરકુંડલા.
તા.૧૧/૦૭/૨૦૨૬

**કુત્બુદીન નુરમોહંમદ સરવૈયા**
એડીશનલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા
**જી.જે.૦૦૯૬૬**

દંડ પાવતી નં.........................
વસુલ દંડની રકમ રૂા. ૬૦૦/–(અંકે રૂપિયા છસો પુરા)
તા. ૧૧/૦૭/૨૦૨૬

**નાઝીર/સીનીયર કલાર્ક**
**અધિક ચીફ જ્યુ.મેજી.કોર્ટ,સાવરકુંડલા.**